પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૪૯ | ૨૧ નવેમ્બર, ૨૦૧૯, ગુરૂવાર; કારતક વદ - ૯ | પાના - ૮ કિંમત રૂ. ૨.૦૦

# સમગ્ર દેશમાં એનઆરસી લાગુ થશે : અમિત શાહ

**ધર્મના આધાર પર એનઆરસીમાં ભેદભાવની શંકા ફગાવી : કોઇ વિશેષ ધર્મના લોકોને આના લીધે ભયભીત થવાની જરૂર નથી : દેશના તમામ નાગરિક એનઆરસી યાદીમાં જોડાય તે હેતુ રખાયો : કાશ્મીરમાં કલમ-૩૭૦ હટાવ્યા બાદ સ્થિતિ સામાન્ય, યોગ્ય સમયે ઈન્ટરનેટ સેવા શરૂ થશે,૫ ઓગસ્ટ બાદ એક પણ વ્યક્તિનું મોત પોલીસ ફાયરિંગમાં નથી થયું : કેન્દ્રીય ગૃહપ્રધાન**



નવીદિલ્હી, તા. ૨૦
રાજયસભામાં આજે ગૃહમંત્રી અમિત શાહે એનઆરસીના મુદ્દા પર વિપક્ષોના આરોપોનો ફરી એકવાર જવાબ આપ્યો હતો. તેમણે ધર્મના આધાર પર એનઆરસીમાં ભેદભાવ કરવાની આશંકાને ફગાવી દીધી હતી. તેમણે કહ્યું હતું કે, એનઆરસીના આધાર પર નાગરિકતાની ઓળખની ખાતરી કરવામાં આવશે અને આને સમગ્ર દેશમાં લાગૂ કરવામાં આવશે. તેમણે દાવા સાથે કહ્યું હતું કે, એનઆરસીને સમગ્ર દેશમાં લાગૂ કરવામાં આવશે. આને લઈને કોઈને ભયભીત થવાની જરૂર નથી. કોઈપણ ધર્મ વિશેષના લોકોને ભયભીત થવાની જરૂર નથી. આ એક એવી પ્રક્રિયા છે જેનાથી દેશના તમામ નાગરિક એનઆરસી યાદીમાં સામેલ થઈ શકે છે.

ગૃહમંત્રીએ કહ્યું હતું કે, એનઆરસીમાં ધર્મના આધાર પર ભેદભાવ કરવામાં આવશે નહીં. એનઆરસીમાં આ પ્રકારની કોઈપણ જોગવાઈ નથી જેના આધાર પર કહેવામાં આવશે કે, ધર્મના લોકોને આમા સામેલ કરવામાં આવી રહ્યા નથી. તેમણે કહ્યું હતું કે, તમામ નાગરિક ભલે તેમના ધર્મમાં કંઈ પણ હોય પરંતુ એનઆરસી લિસ્ટમાં સામેલ થઈ શકે છે. એનઆરસી એક અલગ પ્રક્રિયા તરીકે છે. નાગરિક સુધારા બિલ એક અલગ પ્રક્રિયા છે. તેને એક સાથે રાખી શકાય નહીં.

અમિત શાહે ખુલાસો કરતા કહ્યું હતું કે, એનઆરસીની સમગ્ર દેશમાં લાગૂ કરવાની યોજના છે જેથી ભારતના તમામ નાગરિક એનઆરસીની યાદીમાં સામેલ થઈ શકશે. સૈયદ નાસીર હુસૈને રાજયસભામાં કોલકાતામાં આપવામાં આવેલા અમિત શાહના નિવેદનના આધાર પર પ્રશ્નો કર્યા હતા. કોંગ્રેસના સાંસદે કહ્યું હતું કે, તેઓ ગૃહમંત્રી પાસેથી જાણવા માંગે છે કે, તમે કોલકાતામાં કહ્યું

● અનુસંધાન પાન-૭ પર

## ઈન્કમટેક્સના દરોડામાં જપ્ત ૨૦૦૦ની નોટમાં ઘટાડો

**નોટબંધીની દહેશત : નોટબંધી બાદથી ગેરકાયદે નાણાં જમા કરનારાના મનમાં ભય દેખાય છે**



નવી દિલ્હી,તા.૨૦
સામાન્ય રીતે આવકવેરા વિભાગ અને અન્ય સંસ્થાઓના દરોડાથી પહેલા કાળા નાણાં જમા કરનાર લોકોની પાસેથી મોટી માત્રામાં ૨૦૦૦ની નોટ જપ્ત કરવામાં આવી રહી હતી. હવે આ ટ્રેન્ડ બદલાઈ રહ્યો છે. નવેમ્બર ૨૦૧૬માં થયેલી નોટબંધી બાદ ગેરકાયદે નાણાં જમા કરનાર લોકોના મનમાં વ્યાપક દહેશત જોઈ શકાય છે. તેમના મનમાં કેટલીક દહેશત દેખાઈ રહી છે. તેમના મનમાં એવી દહેશત રહેલી છે કે ક્યારે સરકાર ૨૦૦૦ રૂપિયાની નોટ બંધ કરી શકે છે. આ સમય માર્કેટમાં સૌથી વધારે મોટી નોટ ૨૦૦૦ રૂપિયાની રહેલી છે. જો કે સરકારના કહેવા મુજબ આવકવેરા વિભાગના દરોડામાં જપ્ત કરવામા આવેલી રકમમાં ૨૦૦૦ રૂપિયાની નોટ વધારે મળી રહી નથી. સરકારે વધારે માહિતી આપતા કહ્યુ છે કે વર્ષ ૨૦૧૭-૧૮માં વિભાગના દરોડા દરમિયાન જપ્ત કરવામાં આવેલી રકમમાં ૬૮ ટકા નોટ ૨૦૦૦ રૂપિયાની રહી હતી. જે આ વર્ષે ઘટીને ૪૩ ટકા થઈ ગઈ હતી.

● અનુસંધાન પાન-૭ પર

# શિવસેના-એનસીપી-કોંગ્રેસની સરકાર બનશે

**મહારાષ્ટ્ર મુદ્દે એનસીપી સુપ્રિમો અને સોનિયા ગાંધી વચ્ચે મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઇ : ગઠબંધન સરકાર રચવા સોનિયા રાજી**



ન્યુ દિલ્હી,તા.૨૦
એનસીપી પ્રમુખ શરદ પવાર સાથે બેઠક યોજ્યા બાદ આખરે કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ સોનિયા ગાંધી મહારાષ્ટ્રમાં સરકાર બનાવવા માટે શિવસેના સાથે ગઠબંધન કરવા તૈયાર થઈ ગયા છે. ખુદ એનસીપીના સૂત્રોએ આ બાબતની પુષ્ટી કરી છે. ઉલ્લેખનીય છે કે, સોનિયા ગાંધીએ આજે એનસીપી પ્રમુખ સાથે દિલ્હીમાં મુલાકાત કરી હતી. આ મુલાકાત બાદ જ સોનિયા ગાંધી રાજી થયા હોવાનું કહેવાય છે. આજે બુધવારે સાંજે દિલ્હીમાં કોંગ્રેસની બેઠક યોજાઇ હતી.

ચૂંટણી પરિણામો સામે આવ્યા બાદથી જ મહારાષ્ટ્રમાં સરકાર રચવાનો આખો મામલો અધ્ધરતાલ છે. ભાજપ અને શિવસેનાએ સાથે મળીને ચૂંટણી લડી હતી પણ મુખ્યમંત્રી પદને લઈને ઉભી થયેલી ખેંચતાણ વચ્ચે બંને પાર્ટીઓ વચ્ચેનું ગઠબંધન તુટી ગયું.

શિવસેનાએ ૩૦ વર્ષ જુના સાથી ભાજપનો સાથ છોડી કટ્ટર

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

**રીલાયન્સ વિશ્વની સૌથી મોટી એનર્જી કંપની**

રીલાયન્સ ઈન્ડસ્ટ્રી એનર્જી સેક્ટરમાં વિશ્વની અગ્રણી કંપનીઓના એલીટ ક્લબમાં સામેલ થઈ ગઈ છે. આરઆઈએલ હવે વિશ્વની છઠ્ઠી મોટી લિસ્ટેડ ઓઈલ કંપની બની છે. તેની માર્કેટ કેપ ૧૩૮ અબજ ડોલર (૯.૯૦ લાખ કરોડ રૂ.) છે.

**સબરીમાલા બાબતે નવો કાયદો બનાવો : સુપ્રિમ**

સુપ્રિમ કોર્ટ કેરળ સરકારને ચાર સપ્તાહમાં સબરીમાલા મુદ્દે નવો કાયદો બનાવવા કહ્યું છે. રાજ્ય સરકારના વકીલે આ મુદ્દે જવાબ આપતા કહ્યુ છે કે મંદિરોના પ્રબંધન માટે અલગ કાયદો બનાવવામાં આવી રહ્યો છે.

**હિમાચલમાં સામુહિક કન્યા પૂજનનો રેકોર્ડ**

હિમાચલપ્રદેશમાં આંતરરાષ્ટ્રીય શિવરાત્રી મહોત્સવમાં બેટી બચાવો, બેટી પઢાવો થીમ પર ૧૦૦૮ કન્યાઓના સામુહિક પૂજનનો રેકોર્ડ બનાવાયો છે. લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સ-૨૦૨૦માં તેને સામેલ કરવામાં આવ્ય છે.

**કેરળમાં બાળકો માટે પણ હેલ્મેટ ફરજીયાત**

કેરળ હાઈકોર્ટે ટુ વ્હીલરની પાછળ બેસનારાઓ માટે પણ હેલ્મેટ ફરજીયાત કર્યા છે. જેમાં ૪ વર્ષથી મોટા બાળકોને પણ સામેલ કરાયા છે. કોર્ટે રાજ્ય સરકારને નવા નિયમો અંગે જાણકારી આપવા હોર્ડીંગ લગાવવા નિર્દેશ કર્યો છે.

# કાશ્મીરમાં પરિસ્થિતિ સંપૂર્ણ સામાન્ય

**જરૂરી કાર્યો માટે ૧૦ જિલ્લામાં ટર્મિનલ્સ કામ કરી રહ્યા છે : દવાઓની મોબાઇલ વેનનું સંચાલન જારી છે : શાહ**



નવીદિલ્હી, તા. ૨૦
કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે દાવો કર્યો હતો કે, જમ્મુ કાશ્મીરમાં સ્થિતિ બિલકુલ સામાન્ય બની ચુકી છે. એનસીપી સાંસદ માજિદ મેમણ દ્વારા કરવામાં આવેલા પ્રશ્નના જવાબમાં અમિત શાહે વિસ્તૃત આંકડા રજૂ કર્યા હતા અને દાવો કર્યો હતો કે, જમ્મુ કાશ્મીરમાં જનજીવન સંપૂર્ણપણે પાટા ઉપર છે. ત્યાં તમામ સ્કુલો, હોસ્પિટલો અને કોર્ટથી લઈને તમામ સરકારી ઓફિસો યોગ્યરીતે કામ કરી રહી છે. આ ગૃહમાં કહેવામાં આવ્યું છે કે, ખાસ રાજ્યનો દરજ્જો આંચકી લેવામાં આવ્યા બાદ જમ્મુ કાશ્મીરમાં ખૂનની નદીઓ વહેશે પરંતુ આજે અમને આ કહીને આનંદ થઈ રહ્યો છે કે, પાંચમી ઓગસ્ટ બાદથી હજુ સુધી પોલીસ ગોળીબારમાં જમ્મુ કાશ્મીરમાં એક પણ નાગરિકનું મોત થયું નથી. ગૃહમંત્રીએ કહ્યું હતું કે, જ્યાં સુધી ઈન્ટરનેટ સર્વિસની વાત છે. આવનાર સમયમાં આ બાબત પણ અમલી બની જશે. હાલમાં જરૂરી કામો માટે ૧૦ જિલ્લામાં ટર્મિનલ કામ કરી રહ્યા છે. ગૃહમાં મેમણથી પહેલા કોંગ્રેસના સાંસદ ગુલામ નબી આઝાદ અને પીડીપી સાંસદ નઝીર અહેમદે પણ જમ્મુ કાશ્મીરમાં શિક્ષણ અને આરોગ્ય મુદ્દે પ્રશ્ન કર્યા હતા.

પીડીપી સાંસદ નજીર અહેમદે કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીરમાં દવાઓનો અભાવ રહેલો છે. તેમણે પ્રશ્ન કર્યો હતો કે, સરકાર પુરતા પુરવઠાની ખાતરી કરવા કોઈ વિશ્વાસ આપશે કે કેમ. આના પર ગૃહમંત્રીએ કહ્યું હતું કે, પ્રદેશમાં દવાઓની કોઈ કમી રહી નથી. ત્યાં તમામ હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રો ખુલ્લા છે. ગૃહમંત્રીએ કહ્યું હતું કે, દવાઓની મોબાઈલ વેનનું પણ સંચાલન થઈ રહ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

## વાહન ચલાવવા માટે વિશ્વમાં સૌથી ખરાબ શહેર મુંબઈ

ન્યુ દિલ્હી,તા.૨૦
દેશમાં એવા ઘણા શહેર છે, જ્યાં ટ્રાફિકના કારણએ વાહન ચલાવવું મુશ્કેલ બને છે. મોટા શહેરો જેમકે દિલ્હી, મુંબઈ, અને બેંગ્લુરુમાં ટ્રાફિક કનજેશનની મુશ્કેલીઓ આજના સમયમાં સામાન્ય વાત બની ગઈ છે. વાહન અને ટ્રાફિક અંગેની માહિતી માટે મિસ્ટર ઓટોએ એક સરવે કર્યો છે.

ડ્રાઈવિંગ સિટીઝ ઈન્ડેક્સના રિપોર્ટ મુજબ દુનિયાભરમાં વાહન ચલાવવા માટેનું સૌથી ખરાબ શહેર મુંબઈ હોવાનું સામે આવ્યું છે. આ ઈન્ડેક્સમાં મુંબઈ ૧૦૦માં ક્રમ પર છે. આ સાથે જ માર્ગ અકસ્માત મામલે મુંબઈને ૧૦૦માંથી ૯૫મો નંબર મળ્યો છે. આ ઈન્ડેક્સ ૧૦૦ શહેરોની ડ્રાઈવિંગ સ્થિતિ પર નજર રાખે છે અને તેને ત્રણ કેટેગરીના આધારે માપે છે.

## પાંચ એકર જમીન માટે રિવ્યુ પિટિશન કરવાના મુદ્દે ૨૬મીએ નિર્ણય કરાશે

**૨૬મીએ વક્ફ બોર્ડ દ્વારા ફેંસલો કરવામાં આવશે : સુન્ની સેન્ટ્રલ વક્ફ બોર્ડની મળનારી બેઠક પર નજર રહેશે**

નવીદિલ્હી, તા. ૨૦
ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના અયોધ્યા મામલામાં સુપ્રીમ કોર્ટના ચુકાદાની સામે રિવ્યુ પિટિશન દાખલ કરવામાં આવ્યા બાદ તમામની નજરે હવે સુન્ની સેન્ટ્રલ વક્ફ બોર્ડની બેઠક પર કેન્દ્રિત થઈ ગઈ છે. ૨૬મી નવેમ્બરના દિવસે આ બેઠક મળનાર છે. જેમાં પાંચ એકર જમીન પર વક્ફ બોર્ડ દ્વારા નિર્ણય કરવામાં આવનાર છે. વક્ફ બોર્ડ વિવાદાસ્પદ જમીનના મામલામાં મુખ્ય પક્ષ તરીકે છે. આગામી બેઠકમાં વક્ફ બોર્ડ કોર્ટના આદેશની સામે યોગ્ય પાલન કરવા માટે જે કાયદાકીય મત માંગ્યા છે તે મુજબ આગળ વધનાર છે. વક્ફ બોર્ડ વિવાદાસ્પદ જમીનના મામલે યોગ્ય નિર્ણય કરવા માટે ઈચ્છુક છે. તેના પર દબાણ પણ વધી રહ્યુ છે. વક્ફ બોર્ડના ચેરમેન જફર ફારૂકીએ કહ્યુ છે કે સૌથી પહેલા મામલો એ છે કે સુપ્રીમ કોર્ટના ચુકાદાને પાળવા માટે ક્યા પગલા લેવા જોઈએ.

## અમારા એક પડોશીનું નામ પાકિસ્તાન છે, પણ કરતૂત નાપાક છે : રાજનાથ



સિંગાપોર,તા.૨૦
બે દિવસીય પ્રવાસ પર સિંગાપુર પહોંચેલા રક્ષા મંત્રી રાજનાથ સિંહે પ્રવાસી ભારતીયોને સંબોધ્યા હતા. તેમણે કહ્યું કે અમારા એક પાડોશી દેશનું નામ પાકિસ્તાન છે, પરંતુ તેમની કરતૂતો તેમના દેશના નામ કરતા તદ્દન વિપરીત એટલે કે નાપાક છે. જોકે તે દેશ પોતે આવી જ કરતૂતો કર્યા કરશે તો વધારે સમય સુધી સુરક્ષિત નહીં રહી શકે. સિંગાપુર પ્રવાસ દરમિયાન રાજનાથ સિંહે મંગળવારના રોજ સુપર પ્યૂમા હેલિકોપ્ટરમાં ઉડાન ભરી હતી. તેમણે સિંગાપુરમાં જ સુભાષ ચંદ્ર બોઝને પણ શ્રદ્ધાંજલિ આપી હતી. રાજનાથ સિંહે કહ્યું કે 'અમારી સરકાર ભારતની સુરક્ષા પર કોઈ પણ સમાધાન કરી શકે એમ નથી. અમે અમારી સરકાર બનાવવા માટે ક્યારેય રાજકારણ નથી રમતા. અમારો ઉદ્દેશ્ય હંમેશા રાષ્ટ્ર નિર્માણનો હોય છે.' કલમ ૩૭૦ નાબૂદ કરવા પર રાજનાથ સિંહે કહ્યું કે ભારતને સ્વતંત્રતા મળી ત્યારબાદથી એક પૂર્ણ રાજ્ય (જમ્મુ અને કાશ્મીર) દુર્ભાગ્યપૂર્ણ રીતે દેશના બાકીના રાજ્યો સાથે એકીકૃત નહતું થયું. તેથી લોકોએ સમજવું જોઈએ કે મોદી સરકારે કલમ ૩૭૦ નાબૂદ કરવાનો જે નિર્ણય લીધો છે તે જમ્મુ-કાશ્મીરના વિકાસ માટે ખૂબ જ જરૂરી હતો.

## હજુ એનડીએથી દુર થયા નથી સંજય રાવતનો અધ્યક્ષને પત્ર

**સંજય રાવતની રાજ્યસભામાં સીટને બદલી નખાતા રાજ્યસભા અધ્યક્ષ વેંકૈયા નાયડુને પત્ર લખાયો**

નવી દિલ્હી, તા.૨૦
મહારાષ્ટ્રમાં ભાજપ અને શિવસેના વચ્ચે ચાલી રહેલા ખેંચતાણની અસર કેન્દ્રની રાજનિતીથી લઈને સંસદ સુધી જોવા મળી રહી છે. શિવસેનાના સાંસદ સંજય રાવતની સીટને બદલી નાખવામાં આવ્યા બાદ આને લઈને હોબાળો શરૂ થઈ ગયો છે. આને લઈને સંજય રાવતે અધ્યક્ષ વેંકૈયા નાયડુને પત્ર લઈને રજુઆત કરી છે. સાથે સાથે આક્ષેપ કરતા કહ્યું છે કે, શિવસેનાને અપનાતિ કરવાના હેતુસર આ કામ કરવામાં આવ્યું છે. શિવસેના સાંસદે રાજ્ય સભાના અધ્યક્ષાને લખવામાં આવેલા પત્રમાં કહ્યું છે કે, તેઓ આ બાબત જોઈને હેરાન થયા છે કે, રાજ્યસભામાં તેમની સીટને બદલીને ત્રીથી પાંચમી લાઈનમાં

● અનુસંધાન પાન-૭ પર

## બિઝનેસ પર્સન ઓફ દ યરમાં ભારતીય મૂળના ત્રણનો સમાવેશ

**સત્ય નાડેલા, અજય બગ્ગા અને જયશ્રી સામેલ : સત્યા નાડેલા પ્રથમ સ્થાન ઉપર હોવાથી ઉત્સુકતા વધી**

નવી દિલ્હી, તા.૨૦
ફોર્ચ્યુનની ૨૦૧૯ની બિઝનેસ પર્સન ઓફ દ યર યાદીમાં ત્રણ ભારતીય મૂળના લોકોને જગ્યા આપવામાં આવી છે. ભારતીય મૂળના જે ત્રણ લોકો ફોર્ચ્યુનની બિઝનેસ પર્સન ઓફ દ યરની યાદીમાં સામેલ થયા છે તેમાં માઈક્રોસોફ્ટના સીઈઓ સત્ય નાડેલા, માસ્ટર કાર્ડના સીઈઓ અજય બગ્ગા અને અરિસ્ટાના પ્રમુખ જયશ્રી ઉલ્લાલનો સમાવેશ થાય છે. આ યાદીમાં સત્ય નાડેલા પ્રથમ સ્થાને છે. અજય બગ્ગા આઠમાં અને જયશ્રી ઉલ્લાલ ૧૮માં સ્થાને છે. ફોર્ચ્યુન યાદીમાં કારોબાર જગતના ૨૦ દિગ્ગજોને સામેલ કરવામાં આવ્યા છે. આ લોકોએ સાહસિક લક્ષ્યાંકો હાંસલ કર્યા છે. અશક્ય દેખાતી પરિસ્થિતિનો ઉકેલ શોધી કાઢ્યો છે. સાથે સાથે ઈનોવેટિવ સમાધાન પણ શોધી કાઢ્યા છે. યાદીમાં પ્રથમ સ્થાન પર સત્ય નાડેલા છે જે ૨૦૧૪માં માઈક્રોસોફ્ટના પ્રમુખ બન્યા હતા. ફોર્ચ્યુને યાદી તૈયાર કરતી વેળા ૧૦ નાણાંકીય ક્ષેત્રો ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યુ છે જેમાં શેર ધારકોને રિટર્નથી લઈને મૂડી ઉપર રિટર્ન સામેલ છે. નાડેલાના સંદર્ભમાં ફોર્ચ્યુને લખ્યું છે કે, ૨૦૧૪માં જ્યારે તેમને કંપનીની જવાબદારી સોંપવામાં આવી ત્યારે તેઓ બિલ ગેટ્સ જેવા સ્થાપક ન હતા. સાથે પોતાના પૂર્વગામી સ્ટિવ બામર જેવા મોટા વ્યક્તિત્વ પણ ધરાવતા ન હતા. આ યાદીમાં પર્થની કંપની ફોર્ટેસક્યુ મેટલ્સના એલિઝાબેથ બીજા અને પ્યુમાના સીઈઓ બ્યોર્ન પાંચમાં સ્થાને છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225